# આજે મહેસાણામાં યોજાનાર પાટીદાર મહિલા સંમેલનને મંજુરી

મહેસાણા, તા. ૨૭

ઉત્તર ગુજરાતના મહેસાણા શહેરમાં આવતીકાલે મોઢેરા રોડ પર આવેલ અવસર પાર્ટી પ્લોટ સામે બપોરના ૨.૦૦ કલાકે યોજાનાર ઉત્તર ગુજરાત પાટીદાર મહિલા મહા સંમેલનને જિલ્લા વહિવટીતંત્ર તરફથી મોડી સાંજે મંજૂરી આપવામાં આવી હતી. મંજુરીના પત્રમાં કેટલીક શરતો મૂકવામાં આવી છે. ઉશ્કેરણીજનક ભાષણો નહીં કરવા, સભામાં ૨૫ હજારથી વધુની હાજરી ન હોવી જોઈએ. સંમેલન સમયસર શરૂ થાય અને સમયસર પુરું થાય તેનું પાલન કરવા આયોજકોને કડક તાકીદ કરાઈ છે. છેલ્લા ૧૦ દિવસથી મંજુરના મામલે મહેસાણા અને ઉત્તર ગુજરાતમાં ભારે ચર્ચા જાગી હતી. અઠવાડિયાના પ્રયત્ન થતાં મહિલા સંમેલન યોજવાની મંજુરી ન મળતા પાટીદાર સમાજના અગ્રાણીઓનો ભારે ચણભણાટ જોવા મળતો હતો. પાટીદાર સમાજનો આ ઉકળતો ચરુ કંઈ નવા પરિમાણો ન સર્જે તેવી સમયસૂચક્તા વાપરી વહીવટી તંત્ર દ્વારા મોડી સાંજે મંજુરી અપાઈ હતી. બીજી તરફ પાસના કેટલાક કન્વીનરો શનિવારે બપોર બાદ મુખ્યમંત્રીને પણ સમાધાનની દિશામાં આગળ વધવા મળ્યા હતા. જોકે આ સંદર્ભે કોઈ સત્તાવાર જાહેરાત બંને પક્ષોમાંથી કોઈ પક્ષે કરી નથી. ત્રીજી તરફ ભાજપના વરીષ્ઠ પાટીદાર સાંસદ વિઠ્ઠલભાઈ રાદડીયા આંજે લાજપોર જેલ ખાતે હાર્દિક પટેલની સાથે ૧.૩૦ મિનિટ ચર્ચા કરી હતી. તેમના જણાવ્યા મુજબ હાર્દિકે રજૂ કરેલા ૩૩ મુદ્દાઓમાંથી ૨૭ મુદ્દાઓ ઉપર સહમતિ સધાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા સપ્તાહમાં વિઠ્ઠલભાઈ રાદડિયા હાર્દિકને મળ્યા બાદ મુખ્યમંત્રી આનંદીબેન સાથે પણ ચર્ચાઓ કરી હતી. અને ત્યાંથી દિલ્હીમાં પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે પણ પાટીદાર અનામત આંદોલન સંદર્ભે ચર્ચાઓ કરી હતી. પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી તરફથી સમાધાન માટે વધુ પ્રયાસ કરવાનું કહેવાતા વિઠ્ઠલભાઈએ કેટલાક મુદ્દાઓ સાથે હાર્દિકની સાથે ચર્ચાઓ કરી હતી. અને સમાધાન માટેનો આશાવાદ જાહેર કર્યો હતો. જોકે, સુરત પાસના કન્વીનરો સમાધાનની વાતને સ્વિકારતા નથી.

# ખેડબ્રહ્માની આશ્રમ શાળામાં પુસ્તકોના મામલે તપાસનો ધમધમાટ

## ગાંધીનગર અને હિંમતનગરની ટીમે શાળાના આચાર્યનું નિવેદન નોંધ્યું

ખેડબ્રહ્મા, તા. ૨૭

રાજ્યના પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા ખેડબ્રહ્મા તાલુકાના ગરીબ અને પછાત વર્ગના બાળકો માટે મફત વિતરણ માટે ફાળવેલા ધો. ૧ થી ૧૦ના ૩ ટન જેટલા પાઠ્ય પુસ્તકો પસ્તીમાં વેચી મારવાનું કૌભાંડ પ્રકાશમાં આવતા શનિવારે ગાંધીનગર અને હિંમતનગરની ટીમો દ્વારા સેવાનિકેતન ટ્રસ્ટ સંચાલિત ઉ.બુ. આશ્રમ શાળામાં તપાસનો દોર શરૂ કર્યો હતો. અને શાળાના આચાર્યનું નિવેદન નોંધવામાં આવ્યું હતુ. ખેડબ્રહ્માની સેવાનિકેતન ટ્રસ્ટ સંચાલિત આશ્રમ શાળામાં તપાસનો ધમધમાટ શરૂ થતાં સંચાલકો સહીત કર્મચારીઓમાં સોંપો પડી જવા પામ્યો હતો.



ખેડબ્રહ્મા તાલુકામાં ગરીબ બાળકોને વિના મુલ્યે આપવાના ત્રણ ટન પુસ્તકો રૂ. ૨૦,૦૦૦માં પસ્તીમાં વેચી મારવાનું કૌભાંડ ઉજાગર થતા ગાંધીનગર અને હિંમતનગરની બે તપાસ ટીમો ખેડબ્રહ્મામાં ઉતરી પડી હતી. જેમાં આદિજાતિ વિકાસ નિગમના ઉપસચિવ નરેન્દ્રભાઈ વાઘેલા, સમાજ કલ્યાણના અધિકારી કે.એમ. જોષી, આદિજાતી વિકાસ કચેરીના કમિશનર ભાનુભાઈ પટેલ, પાઠ્ય પુસ્તક મંડળના ડેપ્યુટી ડાયરેક્ટર લીમ્બાચીયા તથા જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી બી.કે. ત્રિવેદીની ટીમે શનિવારે ખેડબ્રહ્માના સેવાનિકેતન ટ્રસ્ટ સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાની તપાસ હાથ ધરી હતી અને શાળાના આચાર્ય બલવંતસિંહ હિંમતસિંહ રાઠોડનું નિવેદન લીધુ હતુ. આ અંગે પાઠ્ય પુસ્તક મંડળના ડેપ્યુટી ડાયરેક્ટર લીમ્બાચીયાએ કોઈપણ વિગતો આપવાની ના પાડી હતી.

### પાલનપુર લૉ કોલેજના વિદ્યાર્થીઓ ક્વિઝ સ્પર્ધામાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૭

હેમચંદ્રા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા મહેસાણા લૉ કોલેજ ખાતે ઉત્તર ગુજરાતની તમામ લૉ કોલેજના વિદ્યાર્થીઓ માટે લૉ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ઉત્તર ગુજરાતની કુલ સાત કોલેજોએ ભાગ લીધો હતો. જ્યારે પાલનપુર લૉ કોલેજના ભાટીયા રાકેશ, શર્મા કુલદીપ, અગ્રવાલ નિરાલી સહિતના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લઈ દ્વિતીય પારિતોષિક મેળવી સિદ્ધિ હાંસલ કરી હતી. આ સિદ્ધિ બદલ પાલનપુર લૉ કોલેજના આચાર્ય ડૉ. મીનલ ઉપાધ્યાય અને પ્રાધ્યાપિકા યશસ્વી પંડ્યાએ વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



ડીસાના ભોપાનગરમાં આવેલ મહાકાળી માતાજીના મંદિરનો ચોથો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. જેમાં મહાકાળી મિત્ર મંડળ દ્વારા શુક્રવારે વાર્ષિકોત્સવ નિમિત્તે લાપસીના મહાપ્રસાદ આયોજન કરાયું હતું. જેમાં ભાવિક ભક્તોએ દર્શન અને મહાપ્રસાદીનો લ્હાવો લીધો હતો. જ્યારે રાત્રે ગરબાનું પણ આયોજન કરાયું હતું. જેમાં મોડી રાત સુધી ભાવિક ભક્તોએ રાસ ગરબાની રમઝટ માણી માતાજીની આરાધના કરી હતી.

### કુબાધરોલની સીમમાંથી ડ્રીપ પાઈપો ચોરાઈ

વડાલી તાલુકાના ભવાનભાઈ રવજીભાઈ પટેલના ખેતરમાંથી ગુરૂવારે રાત્રે અજાણ્યા શખ્સોએ આવી રૂ. ૪૦ હજારની કિંમતના ૨૫ ડ્રીપ પાઈપના રોલની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ભવાનભાઈ પટેલે શુક્રવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગોધરાકાંડના તોફાનોમાં રહેડાના ચાર શખ્સોનો નિર્દોષ છુટકારો

હિંમતનગર, તા. ૨૭

વર્ષ ૨૦૦૨માં થયેલા ગોધરાકાંડમાં વડાલી પોલીસ સ્ટેશન દ્વારા રહેડા ગામે ફાટી નીકળેલા તોફાનો સંદર્ભે તત્કાલિન સમયે ચાર સહિત ૬૦૦ થી ૭૦૦ માણસો વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો. જે અંગેનો કેસ ૧૪ વર્ષ બાદ શુક્રવારે વડાલી કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે રહેડાના ચારેય શખ્સોનો નિર્દોષ છુટકારો કર્યો છે.

આ અંગેની વિગત એવી છે કે વર્ષ ૨૦૦૨માં થયેલા ગોધરાકાંડ બાદ રાજ્યમાં અનેક ઠેકાણે તોફાનો ફાટી નીકળ્યા હતા. જે અંતર્ગત વડાલી તાલુકાના રહેડા ગામે પણ ચાર સહિત ૬૦૦ થી ૭૦૦ માણસોનું ટોળુ હથિયાર લઈને ધસી આવ્યુ હતુ. જેના કારણે રહીમભાઈ ડોસાભાઈ મુનપુરાના ઘરમાં તોડફોડ કરી રૂ. ૯૦ હજારનું નુકશાન કરાયું હતુ. જે અંગે તત્કાલિન સમયે રહીમભાઈ મુનપુરાએ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેનો કેસ ઈડર કોર્ટમાં ચાલતો હતો.

ત્યારબાદ વડાલીમાં નવીન કોર્ટ શરૂ થતા ગોધરાકાંડના આ કેસની વડાલી કોર્ટમાં સુનાવણી કરાઈ હતી. ૧૪ વર્ષ બાદ શુક્રવારે ફરિયાદ પક્ષ તરફથી યોગ્ય પુરાવા રજુ ન કરાતા ન્યાયાધીશ એચ.બી. પંચાલે ચારેય જણાને યોગ્ય પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુક્યા છે.



અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા બસ સ્ટેન્ડ નજીક કોલેજ રોડ પર માર્કેટયાર્ડની સામે શુક્રવારે સવારે ૭ વાગ્યાના સુમારે ટ્રકચાલકે ટ્રક ગફલતભરી રીતે હંકારી બાઈકચાલકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રાણાસૈયદનો યુવક સજ્જાદ નબીભાઈ મુલતાની કામકાજ અર્થે નિકળ્યો હતો ત્યારે તેની બાઈકને શામળાજી તરફથી આવતી પુરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારી ટ્રક (ગાડી નં. આરજે.૧૭.જીબી.૩૧૪૨)ના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈકચાલક રોડ પર પટકાઈ જતા શરીરે હાથના ભાગે અને પગના ભાગે મલ્ટીપાય ફેક્ચર થયા હતા. સદનનસીબે જાનહાની ટળી હતી. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ બાઈક ચાલકને તાબડતોડ મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેડબ્રહ્મા કોલેજનું ગૌરવ

ગાયત્રી પરિવાર ખેડબ્રહ્મા અને ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ સંસ્કૃત વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨-૧૨-૨૦૧૫ના રોજ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા 'સંસ્કૃતિ દર્પણ' પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં ૧૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ઠાકરડા હિનાબેન ડાહ્યાભાઈ બી.એ. સેમ-૬, સોલંકી સોનાબેન બાબુભાઈ બી.એ. સેમ-૬ અને ગમાર રમાભાઈ રાવાભાઈ બીએ. સેમ-૪ ઉત્તીર્ણ થયા હતા તેમજ જિલ્લાકક્ષાની ૧૪-૨-૨૦૧૬ના રોજ બાયડ મુકામે પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં ગમાર રમાભાઈ રાવાભાઈ બી.એ. સેમ-૪ ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થઈને સંસ્થાનું અને કોલેજનું ગૌરવ વધારેલ છે. આ વિદ્યાર્થીઓને સંસ્થા અને કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### હુંજ ગામે બાયડ કોલેજના એન.એસ.એસ. યુનિટની શિબિર યોજાઈ

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ એન.એસ.એસ. યુનિટ ધ્વારા હુંજ ગામમાં પ્રોગ્રામ ઓફીસર એન.આર.જોષીના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં વ્યસનમુક્તિ અને પર્યાવરણ જાગૃતી વિષય ઉપર વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટનમાં પુર્વ જીલ્લા સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, ગુજરાત વિદ્યાપીઠ સાદરાના પ્રો.દિવ્યેશ ડી.ભટ્ટ, મંત્રી જગદીશભાઈ જોષી, સમાપન સમારંભમાં લોક કલાનાયક મોતીભાઈ નાયક, એલ.ડી.પટેલ, પ્રિ.કલ્પનાબેન પટેલ, ગ્રામજનો, બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનો સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં શિબિરને સફળ બનાવવામાં આવી હતી.

### ખેડબ્રહ્મામાં આગના કારણે લીમડો જમીનદોસ્ત

ખેડબ્રહ્મા નગરપાલિકાના સામે આવેલી સીપીઆઈ કચેરીમાં લીલાછમ લીમડાના થડમાં આગ લાગી હતી. જેને પાલીકાના ફાયર ફાઈટર દ્વારા આગ બુઝાવી દેવામાં આવી હતી. રાત્રીના સમયે આગ વધુ ભભુકતા લીમડો જમીનદોસ્ત થઈ ગયો હતો. રાત્રીના સમયે લીમડો જમીનદોસ્ત થઈ જતાં કોઈ જાનહાની થવા પામી નથી. લીલાછમ લીમડાના થડમાં આગ કેમ લાગી, કોણે લગાવી અને આગ બુઝાવવા છતાં પુનઃ આગ ભભુકતા લીલોછમ લીમડો જમીનદોસ્ત થયો તે શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# ભિલોડા મકાઈ સંશોધન કેન્દ્રમાં ખેડુત શિબિર યોજાઈ

ભિલોડા,તા.૨૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા મકાઈ સંશોધન કેન્દ્રમાં તા.૨૬/૨/૨૦૧૬ ને શુક્રવારના રોજ ખેડુત શિબિરનો કાર્યક્રમ યોજાયો હતો. ખેતીવાડી વિભાગ ધ્વારા એન.એસ.એફ.એમ. યોજના અંતર્ગત ખેડુતોને ઘઉંની ખેતી વિશે માહિતી / માર્ગદર્શન મળી રહે તે સંદર્ભે ખેડુત શિબિરનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ડાં. જે.એમ.પટેલ સંશોધન વૈજ્ઞાનિક, ડી.જી.ચૌધરી ભિલોડા તાલુકા અમલીકરણ અધિકારી, એન. એન. પટેલ વિસ્તરણ અધિકારી, નરસિંહભાઈ પટેલ, ગ્રામસેવકો, ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ડાં.જે.એમ. પટેલએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે ઘઉંનું બિયારણ, માવજત, વાવણી વિશે ખેડુતોને યોગ્ય માર્ગદર્શન આપી ખેડુતોને માહિતગાર કર્યા હતા. ખેડુતોને ખેતીના વ્યવસાયમાં મુઝવતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન અપાયું હતું. ભિલોડા વિસ્તરણ અધિકારી ધ્વારા યોજનાકીય માહિતી ખેડુતોને આપવામાં આવી હતી. આઈ. ખેડુત પોર્ટલ તા.૧/૩/૨૦૧૬ થી તા.૩૧/૩/૨૦૧૬ સુધી ઓન લાઈન અરજીનો શુભારંભ થશે જે અંગે ખેડુતોને યોગ્ય જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે જાગૃત ખેડુતો, બિયારણના વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



**મજરા ખાતે ઓસ્ટ્રેલિયન રનરનું ભવ્ય સ્વાગત**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે ગર્લ્સ ચાઈલ્ડ એજ્યુકેશન માટે નિકળેલા ઓસ્ટ્રેલિયાના સ્પોર્ટસ મીનીસ્ટર પેટીક ફાર્મર દ્વારા કન્યાકુમારીથી કાશ્મીર સુધી દોડતા જઈ રહ્યા છે. ત્યારે પ્રાંતિજના મજરા ખાતે પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી, પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા તથા પ્રાંતિજ શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ભિલોડામાં ચેઈન સ્નેચરોનો તરખાટ મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

ભિલોડા,તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં હાર્દસમા વિસ્તારોમાં ચેઈન સ્નેચરો તરખાટ મચાવી રહ્યા છે.એક મહિલાના ગળામાંથી સોનાના દોરા ચોરાતાં મહિલાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડાના પુનમબેન જગદીશભાઈ સોનગરા શાકભાજી બજારમાંથી ખરીદ્યા બાદ ઘરે પરત ફરતા હતા તે દરમ્યાન ભિલોડાના નારણપુર-નારસોલી રોડ ઉપર આવેલ હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં તિરૂપતી સોસાયટી પાસે બજાજ પલ્સર બાઈક ઉપર આવેલા અજાણ્યા બે ચોર ઈસમોએ પુનમબેન સોનગરાના ગળામાંથી સોનાનો અઢી તોલાનો દોરો પલભરમાં ખેંચી બાઈક સવારો પલાયન થઈ ગયા હતા. સોનાના દોરાની અંદાજીત કિંમત રૂા. ૭૦,૦૦૦/-હોવાનું જાણવા મળેલ છે. ભિલોડાના હાર્દસમા વિસ્તારોમાંથી અવાર-નવાર મહિલાઓના ગળામાંથી સોનાના દોરા આંખના પલકારામાં ચોરાઈ જતાં હોય છે ત્યારે ગતિશીલ ગુજરાતના ભિલોડામાં મહિલાઓ અસુરક્ષીત છે. ભિલોડા પોલીસ તંત્રની નિષ્ક્રીયતાને કારણે અવાર-નવાર નાના-મોટા ચોરીના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. ભિલોડાના પુનમબેન જગદીશભાઈ સોનગરા ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવા વારંવાર ગયા હોવા છતાં પોલીસ તંત્ર ફરીયાદ લેવા તૈયાર નથી.મહિલાને ધરમધક્કા ખવડાવી રહી છે તેમ જાણવા મળેલ છે.

# ખેડબ્રહ્મા ઓટો રીક્ષાચાલકોની સ્ટેન્ડ ફાળવણીના મામલે રેલી

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા ઓટોરીક્ષા એસોસીએશન દ્વારા ગુરૂવારે બસ સ્ટેન્ડથી સેવાસદન સુધી રીક્ષા રેલી યોજી નાયબ કલેક્ટર અને મામલતદારને આવેદન પત્ર આપ્યું હતું.

ખેડબ્રહ્મા ઓટોરીક્ષા એસોસીએશન દ્વારા ગુરૂવારે બસ સ્ટેન્ડ વિસ્તારમાં રીક્ષા સ્ટેન્ડ ફાળવવા માટે બસસ્ટેન્ડથી નાયબ કલેક્ટર કચેરી સુધી રીક્ષાની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ કરતા વધુ રીક્ષાચાલકો જોડાયા હતા અને નાયબ કલેક્ટર અને મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ. દસેક દિવસ પહેલા રીક્ષાચાલકોએ આવેદનપત્ર આપી ૨૫ ફેબ્રુઆરીથી આમરણાંત ઉપવાસની ચીમકી ઉચ્ચારી હતી. પણ તંત્ર દ્વારા પુનઃ આશ્વાસન મળતાં આમરણાંત ઉપવાસ આંદોલન મુલતવી રાખવામાં આવ્યુ છે. તેમ ઓટોરીક્ષા એસોસીએશનના પ્રમુખ પોપટભાઈ ફતાભાઈ સોલંકીએ જણાવ્યું હતું. જોકે રીક્ષા સ્ટેન્ડ ફાળવવાનોનિર્ણય કરવામાં નહી આવે તો આમરણાંત ઉપવાસ આંદોલનની ટુંક સમયમાં જાહેરાત કરવામાં આવશે તેવુ પ્રમુખે ઉમેર્યું હતું.




ભારતીય મજદૂર સંઘ સંલગ્ન અરવલ્લી જિલ્લા મજદૂર સંઘ દ્વારા ગુરૂવારે બપોરે કેન્દ્ર સરકારની એન.આર.એચ.એમ. યોજના હેઠળ ફરજ બજાવતી આશાવર્કસ તથા આશા ફેસીલીટર્સ દ્વારા ગર્ભસ્થ માતાના સ્વાસ્થથી લઈ શીશુના તંદુરસ્ત ઉછેર તેમજ સરકારની વિવિધ સ્વાસ્થને લગતી યોજનાઓ અંગે લોકસેવાઓ સાથે કુપોષણ અટકાવવામાં અને નવજાત શિશુ અંગે કુટુંબની પણ ચિંતા કર્યા વગર સતત સેવાઓ બજાવી રહી છે. સતત ૨૪ કલાક આરોગ્યલક્ષી સેવાઓ માટે ખડેપગે રહેતી આશા વર્કસ અને આશા ફેસીલીએટર્સને અપાતુ વળતર મજાક સમાન છે. જેથી આજે અરવલ્લી ભારતીય મજદૂર સંઘે રેલી કાઢી માસીક પગાર ૧૫૦૦૦ કરવા તેમજ કામના કલાકો નક્કી કરવા, નિવૃત્તી બાદ સરકારી લાભો તેમજ પેન્શન આપવા તેમજ રાત્રીના સમયે કામ કરતી મહિલાઓને વધારાનું મહેનતાણુ આપવા સહિત અનેક પ્રકારની મુશ્કેલીઓના નિવારણ માટે અરવલ્લી જિલ્લા નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લા ભારતીય મજદૂર સંઘના પ્રમુખ કરણસિંહ કછવાહના જણાવ્યા અનુસાર આશાવર્કસ અને આશા ફેસીલેટર્સના પ્રશ્નોનું ઝડપથી નિવારણ નહિ કરવામાં આવે તો જિલ્લાની તમામ બહેનો સાથે આવનારા સમયમાં ગાંધીનગર ખાતે આરોગ્યમંત્રીની ઓફિસ આગળ ગાંધી ચિંધ્યા માર્ગે હડતાળ કરી વિરોધ કરવામાં આવશે.

# હિંમતનગર નગરપાલિકાની સામાન્ય સભા 'પોળો ટેન્ટ સીટી' ખાતે યોજાશે

૧લી માર્ચના રોજ નગરપાલિકાના સદસ્યો તથા કર્મચારીઓ પોળો કેમ્પ સાઈટ ખાતે ઉપસ્થિત રહેશે. નગરપાલિકાની સામાન્ય સભામાં વાર્ષિક બજેટ રજુ કરાશે. હિંમતનગર પાલિકાની તા. ૧લી માર્ચના રોજ યોજાનારી સામાન્ય સભા પોળો ટેન્ટ સીટી ખાતે યોજવાની જાહેરાત કરવામાંઆવી છે. જેના કારણે કર્મચારીઓ તથા સદસ્યોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. સામાન્ય સભામાં નગરપાલિકાનું વર્ષ ૨૦૧૬-૧૭નું વાર્ષિક બજેટ રજુ કરાશે.

નગરપાલિકાની સામાન્ય સભા સામાન્ય રીતે નગરપાલિકાના સભાગૃહમાં યોજાતી હોય છે. પરંતુ તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા પોળો ઉત્સવનું આયોજન કરી પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. નવા ચૂંટાયેલા સદસ્યો પણ પોળો ટેન્ટ સીટીની મુલાકાત લઈને સરકાર દ્વારા કરવામાં આવતી પ્રવાસન ક્ષેત્રે માટે કરાતી કામગીરી જાણી શકે તે માટે નગરપાલિકાની સામાન્ય સભા પોળો ટેન્ટ સીટી ખાતે સામાન્ય સભા યોજવાની જાહેરાત કરાઈ છે. પ્રણવ પારેખે જણાવ્યું કે સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઐતિહાસિક પ્રવાસન સ્થળ પોળોની સમગ્ર વિશ્વ કક્ષાએ નોંધ લેવાઈ રહી છે. વધુ પ્રવાસીઓ પોળો કેમ્પ સાઈટની મુલાકાત લઈને ભારતના પ્રાચીન અને ઐતિહાસિક ધરોહરની જાણકારી મેળવી શકે તે માટે પોળો મહોત્સવનું આયોજન કરાયુ છે.